## જન્મદિને વધામણી



રમણલાલ એમ શ્રીમાળી
મો. ૯૮૭૯૪ ૫૬૫૧૭



પ્રકાશ બી પટેલ
મો. ૮૮૬૬૦ ૯૩૮૩૪

## વિનોદ ભટ્ટને અંજલી અર્પવા સોમવારે અમદાવાદમાં જાહેર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

ખ્યાત હાસ્યલેખક વિનોદ ભટ્ટનો અંજલી અર્પવા માટે એક જાહેર કાર્યક્રમનું આયોજન ટાગોર હૉલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. વિનોદ ભટ્ટ પરિવાર, સ્વજનો અને ચાહકો દ્વારા વિનોદ ભટ્ટનાં સ્મરણો, સાહિત્ય અને સંવેદનાની સફરનો આ કાર્યક્રમ 'વિનોદાંજલિ' તા. ૨૮ મે, સોમવારના રોજ સાંજે ૪થી ૭ કલાક દરમિયાન ટાગોર હૉલ, પાલડી ખાતે યોજાઈ રહ્યો છે. સૌ સહૃદયી ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહી લેખકને અંજલી અર્પવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

### રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

# મેડિકલ સ્ટુડન્ટને ત્રણ વર્ષ ગામડાંમાં સેવા આપવામાંથી અને બોન્ડમાંથી મુક્તિ

ગાંધીનગર, તા.૨૬

રાજ્યની તબીબી કોલેજોમાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતાં ઓલ ઈન્ડિયા કવોટાના વિદ્યાર્થીઓ પાસેથી ગ્રામ્ય સેવા બજાવવા અંગે દેવાતા બોન્ડ નાબૂદ કરવાનો મહત્વનો નિર્ણય ગુજરાત સરકારે લીધો છે અને આ સંદર્ભે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક સચિવ વી.જી. વણઝારાએ એક ખાસ પરિપત્ર પ્રસિધ્ધ કરીને જણાવ્યું છે કે, સ્નાતક અભ્યાસક્રમોમાં કેન્દ્ર સરકાર માટે અનામત એવા ઓલ ઈન્ડિયા કવોટાના ૧૫ ટકા, તબીબી વિદ્યાર્થીઓને તેમજ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં કેન્દ્ર સરકાર માટે અનામત એવા ઓલ ઈન્ડિયા કવોટાના ૫૦ ટકા તબીબી વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે.

અધિક સચિવ વી.જી. વણઝારાએ પોતાના પરિપત્રમાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર માટે અનામત ઓલ ઈન્ડિયા કવોટામાં સ્નાતક તેમજ અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર તમામ તબીબી વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની ઓછામાં ઓછી ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાઓની બાંહેધરીપે બોન્ડ તેમજ ગ્રામ્ય સેવાની જોગવાઈઓ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪થી લાગુ પડશે નહીં. આરોગ્ય વિભાગના તા.૧ જુલાઈ-૨૦૧૩ના ઠરાવ અન્વયે ઓલ ઈન્ડિયા કવોટાના તમામ તબીબી વિદ્યાર્થીઓ પાસે જો બોન્ડ (બાંહેધરી) લીધી હોય તો તે પરત કરવાની રહેશે.

રાજ્યો અને કોલેજો, મેડિકલ કોલેજોમાં ઓલ ઈન્ડિયા કવોટાના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રાજ્યની જરિયાત સંતોષવા જુદી જુદી શરતો માટે ફરજ પાડી શકે નહીં. ગુજરાત રાજ્ય ઓલ ઈન્ડિયા કવોટાના વિદ્યાર્થીઓને ત્રણ વર્ષની ગ્રામ્યની સેવાની અવેજીમાં બોન્ડ રજૂ કરવા માટે જણાવી ન શકે તેવી મતલબની રિટ આનંદ એસ. ડી.જી.ની વિધ્ધમાં કેરાલા સરકારના કેસમાં સુપ્રીમ કોર્ટે આ સંદર્ભે સ્પષ્ટ ચૂકાદો આપ્યો છે.

# કડી નગરપાલિકા અને કડી સર્વ વિદ્યાલય દ્વારા જળ બચાવો અભિયાન




કડી નગરપાલિકા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સંયુક્ત ઉપક્રમે જળ બચાવો અભિયાન અને ભૂગર્ભ ગટર આયોજન અંગે સરદાર પટેલ સોસાયટી ખાતે સર્વ વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ અને કડી નગરપાલિકાના પ્રમુખ કનુભાઈ પટેલે સરદાર વલ્લભભાઈ ની પ્રતિમાને હાર પહેરાવી લીલી ઝંડી આપી દસ દિવસીય જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરી હતી.કડી નગરપાલિકાના ચીફ ઓફિસર અલ્પેશભાઈએ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાણીનું મહત્વ સમજાવી જરૂરી પાણીનો ઉપયોગ કરવા અને ભૂગર્ભ ગટરનો સુચારુ ઉપયોગ કરે તે હેતુ થી ડોર ટુ ડોર જન જાગૃતિ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. કચરો, કાગળ, કિચન વેસ્ટ પૂંઠા ભૂગર્ભ ગટરમાં નાં જાય તે અંગેની સમજ આપી હતી. કડી નગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલે જૂની ગટર વ્યવસ્થા અને નવી ગટર વ્યવસ્થા, રોજીંદા પાણી વપરાશમાં કરકશર ભર્યો પાણી વપરાશ કરવા,ભીનો ગટરો ઉભરાશે તો સ્વાસ્થ્ય ઉપર પડતી અસરો જેવી બાબતો ઉપર જાગૃતિ ફેલાવતો સંદેશ આપ્યો હતો. કડી નગરપાલિકાના અધિકારીઓ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ શેરી નાટક અને પ્રોજેક્ટરથી વિડીયો દ્વારા નાગરિકોને જળ બચાવવા આગ્રહ ભરી વિનંતી કરતા નજરે પડ્યા હતા.આ દસ દિવસીય ચાલનાર જળ અભિયાનમાં વિદ્યાર્થીઓ સાથે ફરી રહેલી સર્વ વિદ્યાલય કેમ્પસની ટોય ટ્રેન ખુબ જ આકર્ષણનું કેન્દ્ર બની છે.

## રવિવારે 'જીવતરની પીડ' વિશે ભી ન વણકરનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૬

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે શ્રી ગૌતમ રાઠોડના કાવ્યસંગ્રહ 'જીવતરની પીડ' વિશે કવિ, વિવેચન, વાર્તાકાર ભી ન વણકરનું વ્યાખ્યાન તા. ૨૭ મે ને રવિવારના રોજ સમિતિ ખંડ, ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યું છે.

રસ ધરાવતા સૌ નગરજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા મંચ વતી સાહિલ પરમાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જીવકલ્યાણ સંસ્થાની માસિક સામાન્ય સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

સર્વજીવ કલ્યાણ હેતુસર કાર્યરત જીવકલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા તા. ૨૭ મે ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે સૅક્ટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર યજ્ઞખંડ ખાતે મળી રહી છે. સંસ્થાના સૌ સભ્યો તથા રસ ધરાવતા આમંત્રિત સહિત નગરજનોને પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થા વતી મહામંત્રી બી ડી શર્મા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રી તખ્તસિંહજી પરમાર વ્યાખ્યાન શ્રેણી રવિવારે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે દર ત્રણ માસે યોજાતી પ્રા. શ્રી તખ્તસિંહજી પરમાર (ગુરૂજી-ભાવનગર) વ્યાખ્યાન શ્રેણીના પાંચમા વ્યાખ્યાનનું આયોજન રવિવાર, તા. ૨૭ મે ને રવિવારના રોજ શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ, સૅક્ટર-૧૭ના પટાંગણમાં સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે.

પ્રખર લેખક અને વક્તા, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા 'ગુજરાત મોરી મોરી રે - ગુજરાતની અસ્મિતા - ગઈકાલ, આજ અને આવતીકાલ' વિષય ઉપર વ્યાખ્યાન આપશે. રસ ધરાવતા સૌને આ પ્રસંગે પધારવા મહેન્દ્ર ત્રિવેદી, વસંત ગઢવી અને અશોકસિંહ પરમાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# કીર્તિદા બ્રહ્મભટ્ટના બાળ વાર્તાસંગ્રહ 'ચકલીબહેનનું મોતી'નું પ્રકાશન થયું

ગાંધીનગર, તા. ૨૬

કીર્તિદા બ્રહ્મભટ્ટનો બાળ વાર્તાસંગ્રહ 'ચકલીબહેનનું મોતી' તાજેતરમાં પ્રકાશિત થયો છે. ખૂબ જ વંચાયેલા અને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત બાલકાવ્યસંગ્રહ સહિત છ બાલકાવ્યસંગ્રહ તથા એક કાવ્યસંગ્રહના પ્રદાન બાદ કીર્તિદા બ્રહ્મભટ્ટનો આ પ્રથમ બાલ વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો છે.

આ બાલ વાર્તાસંગ્રહમાં બાળકોને વાંચવી ગમે તેવી વાર્તાઓનું આલેખન થયું છે. તેમની વાર્તાઓનાં પાત્રો થકી તેમની પ્રકૃતિ પ્રિયતા બાલભોગ્યરૂપે રજૂ થાય છે. તેમની મોટાભાગની વાર્તાઓમાં ગૂંથાયેલ ગાવી-ગણગણવી ગમે તેવી નાની-નાની કાવ્યકંડિકાઓ તથા જોડકણાં વાર્તાઓનો રસપ્રદ અને આનંદપ્રદ બનાવે છે.

આ વાર્તાસંગ્રહની પ્રસ્તાવના ગાંધીનગરના સાહિત્યકાર અને બહુવિધ પ્રતિક્ષા પ્રકાશ લાલાએ કરી છે. કીર્તિદા બ્રહ્મભટ્ટે આ પુસ્તક તેમની શાળાઓને અર્પણ




કરીને શાળાઓ પ્રત્યેનું ઋણ પ્રદર્શિત કરવાની ચેષ્ટા કરી છે. તે જ રીતે આ વાર્તાસંગ્રહનું વિમોચન તેમના પૌત્ર આરોહ આલોક બ્રહ્મભટ્ટના હસ્તે કરાવીને એક નવો ચીલો ચાતર્યો છે.

### ૨૮મીએ ધોરણ-૧૦ના પરિણામ બાદ

# ધોરણ-૧૧માં પ્રવેશ માટેની કાર્યવાહી ૨૯મીથી આરંભાશે

## પ્રવેશ પ્રક્રિયા દરમિયાન શાળાનો સમય સવારે ૧૧થી સાંજે ૫ રાખવા સૂચના

ગાંધીનગર, તા.૨૬

ધો.૧૦નું પરિણામ જાહેર થયા બાદ તા.૨૯મીથી જ ધો.૧૧મા પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરાશે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી શાળાનો સમય સવારે ૧૧થી ૫ સુધીનો રાખવાની સૂચના અપાઈ છે. દરેક શાળાએ પોતાના ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. પરિણામના બીજા દિવસે જ શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓની મેરિટયાદી તૈયાર કરવાની રહેશે.

ધો.૧૦ના પરિણામ બાદ ધો. ૧૧ સાયન્સમાં પ્રવેશ માટે દર વર્ષની જેમ શાળાએ પોતાના ૪૦ વિદ્યાર્થીઓ અને અન્ય શાળાના ૧૦ એમ કુલ ૫૦ વિદ્યાર્થીઓને મેરિટના આધારે પ્રવેશ આપવાનો રહેશે. જો કોઈ શાળામાં પોતાના ૪૦ વિદ્યાર્થીઓ થતા ન હોય તો તેઓ અન્ય શાળાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે. જ્યારે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ અલગથી ફોર્મ ભરવાના રહેશે. કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી કાર્યવાહી થવાની હોવાથી અનામત કક્ષાના વિદ્યાર્થીઓ ફાળવણી પત્ર લઈને આવે તો શાળાએ તાકીદે પ્રવેશ આપી દેવાનો રહેશે.

પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ પાસેથી શાળા છોડયાનું પ્રમાણપત્ર અને માર્કશીટની નકલ આચાર્યની સહી સાથે જી.આર. નંબર લખવાનો રહેશે. દરેક શાળાઓએ પોતાના પાસ થયેલા વિદ્યાર્થીઓનું મેરિટલિસ્ટ બનાવીને તા.૨૯મીએ બપોરે ૧૧ વાગે શાળાના નોટિસ બોર્ડ પર લગાવવાનું રહેશે. તા.૨૯મીથી ૩૧મી સુધી પ્રવેશ ફોર્મ સ્વીકારવા અને આપવાના રહેશે. તા.૩૧મીએ સાંજે ૫ વાગે પ્રવેશ ફોર્મ સ્વીકારવાના બંધ કરાશે. તા.૧લી જૂન સવારે ૧૧ વાગે દરેક શાળાઓએ મેરિટયાદી જાહેર કરવાની રહેશે. જેના આધારે તા.૧લી અને ૨જીએ સવારે ૧૧થી ૫ સુધી ફી ભરવાની રહેશે. બીજી યાદી તા.૪ જૂને જાહેર કરાશે. જેની ફી તા.૪ અને ૫ સવારે ૧૧થી ૫ ફી ભરવાની રહેશે. જ્યારે ત્રીજી મેરિટયાદી તા.૬ સવારે ૧૧ વાગે કરાશે. તા.૬ અને ૭મી એ ભરવાની રહેશે.

# સ્વર અને શબ્દની આરાધનાનું પર્વ એટલે શિવરંજનીનો સ્વરોત્સવ



**મહેફિલ**
**મમતા રાવલ**

સ્વરની ઉપાસના ના વિશેષ હેતુ સાથે શિવરંજની વર્ષ દરમ્યાન સંગીતના ઉત્તમ કાર્યક્રમો સભ્યો માટે આયોજીત કરે છે.

હાલમાં બે દિવસીય સ્વરોત્સવનું આયોજન ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું હતું પ્રથમ દિવસે સલીલ મહેતા પ્રસ્તુત સ્ત્રી સ્વરની સુરીલી સરવાણી અને બીજા દિવસે પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીના ડાયરાનો કાર્યક્રમ યોજાયા હતા.

" સ્ત્રી સ્વરની સુરીલી સરવાણી " નું વિઝન અને રજુઆત ખુબ વિશેષ રહ્યા. સંગીત ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર, સાત સૂરીલી સન્નારીઓ ના ખાસ ગીતોના પુષ્પોની છાબને.. કલ્યાણી કોઠાળકર અને ગાર્ગીવોરા, એ પોતાના સૂરથી સજાવી ને પેશ કરી. વિવિધ સ્વરકારના ગીતોને સ્થાન મળે એનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમ અને રજૂઆતની કક્ષા સુંદર સુવ્યવસ્થિત મંચ સજ્જા, વિશિષ્ટ બેનર અને કલાકારોની હાજરીથી જ છતી થતી હતી.

કાર્યક્રમની શરૂઆત કોકીલ કંઠી કલાકારો દ્વારા "માડી તારા મંદિરીયે ઘંટારવ......" થી કરવામાં આવી અને સાચેજ મંદિરનો માહોલ સર્જાયો. ત્યારબાદ મૂળભૂત રીતે હંસા દવે દ્વારા ગવાયેલું મહેશ દવે લિખિત, પુરુષોત્તમ ઉપાધ્યાય સ્વરાંક્તિ " એકવાર શ્યામ તારી મોરલી વગાડી દે..... ને ગોકુળીયું ગામ તું ડુબાડી દે.... એવી ચારેકોર ઝંખના જગાવી દે.... ગાર્ગીવોરા દ્વારા પ્રસ્તુત થયું.

શ્રી કલ્યાણી કોઠાળકર એ ક્ષેમુ દિવેટીયા દ્વારા સ્વર નિયોજીત " રાધાનું નામ તમે વાંસળીના સૂર " ની સુંદર પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ ખૂબ પ્રેમ, નાજુકાઈ અને વ્હાલપૂર્વક મીઠા ગીતની મધુરી રજૂઆત શ્રોતાઓએ ખૂબ તાળી ઓથી વધાવી. ગીત હતું, " રૂપલે મઢી છે.. સારી રાત રે સજન......." હરીન્દ્ર દવે લિખિત દિલીપ ધોળકીયા સ્વરાંકિત મૂળભૂત રીતે લતાજી દ્વારા ગવાયેલ આ ગીતને ગાર્ગીવોરા એ સુંદર ન્યાય આપી સજીવન ક્યું.

ગુજરાતનું ગૌરવ સમા શ્રી રાસબિહારી દેસાઇ અને વિભાબેન દેસાઇ નું ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે યોગદાન સર્વ વિદિત છે. ઈન્કમટેક્ષ ના જોઈન્ટ કમિશ્નર તરીકે નિવૃત શ્રી વિભાબેન દેસાઈની કાર્યક્રમમાં પ્રત્યક્ષ હાજરી સુગમ સંગીતના ચાહકો માટે મોંઘેરી ઘટના હતી. તેમણે અનેક સારા ગીતો આપ્યા છે જેમાંના કેટલાક કાર્યક્રમમાં સ્થાન પામ્યા હતાં. સુરેશ દલાલ લિખિત ક્ષેમુ દિવેટીયા દ્વારા સ્વરાંકિત ગીત " નજર્યું નાં કાંટાની ભૂલ....." ની ગાર્ગીવોરા દ્વારા કર્ણપ્રિય પ્રસ્તુતિ કરવામાં આવી. ત્યારબાદ તરતજ બંને કલાકારો દ્વારા મૂળ વિભાબેન અને કૌમુદીનીબેને લાખિયા દ્વારા ગવાયેલું શ્રી અનિલ જોષી લિખિત ગીત. " ઝીણાં – ઝીણાં આંકેથી અમને ચાળીયા...." રજૂ થયું. એ પછી સુંદર સંગીત અને અભિવ્યકિત સાથે, "ઝાંઝર અલક – મલકથી આવ્યું રે...." ગાર્ગીવોરા ના કંઠે ગવાયું ત્યારે સુંદરમ્ લિખિત રસિક ભોજક દ્વારા સ્વરાંક્તિ અને મૂળે સરોજ ગદાણી દ્વારા રજૂ થયેલ આ ગીત થકી ગુજરાતી સુગમ સંગીતના ભવ્ય વારસાને સહુ મનોમન વંદી રહ્યા. આ પછી શ્રી કલ્યાણી કોઠાળકર દ્વારા બે મજાના ગીતો " કોઈ આધે – આધેથી વેણું વાય છે ને મુને જાતી રહું - જાતી રહું એમ થાય છે" તેમજ એ "સખી મુને વ્હાલાં રે સુંદર શામળા રે એ શીતળ વ્હાલપણા ની વાત..." ની પ્રસ્તુતિ ખૂબ સુંદર અને યાદગાર બની રહી.

" ગીત જીવન મરણ છે એક, બહુ ભાગ્યવંત છું તારી ઉપર મરું છું" તેથી જીવંત છું 'મરીજ' ના શબ્દો થી મઢેલું આ ગીત ગાર્ગીવોરા ના સ્વરમાં પ્રસ્તુત થયું. " સાંજ પહેલાંની સાંજ ઢળી છે, શ્યામ હવે તો જાગો, મોરપીંછ નો મબલક તડકો સાવ સુંવાળો લાગે તડકો પણ આ સંગ તમારે માખણ જેવો લાગે તમે અમારા રોમ – રોમ માં થઈ વાંસળી વાગો....." વાહ બોલ્યા વિના ન રહી શકાય એવી પ્રસ્તુતિ શ્રી કલ્યાણી કોઠાળકર દ્વારા કરવામાં આવી જે કાર્યક્રમમાં શિરમોર બની રહી. સુંદર મજાનાં લોકપ્રિય ગીતોની મેડલી એ વાતાવરણ ને ભરી દીધું જેમાં મારી શેરી એથી કાનકુંવર... મારા તે ચિત નો ચોર રે...તમે થોડા – થોડા થાવ વરણાગી...મેં તો રંગ્યો હતો એને દલડાને રંગ....મ્હાલા રે મ્હાલ.... દાડમડી ના ફુલ રાતા... મેંદી તે વાવી...તાળીઓના તાલે... ગીતોનો સમાવેશ કરાયો હતો. જાણીતા ગીતો, " સાંવરીયો રે મારો સાંવરીયો...." તેમજ એવોર્ડ વિજેતા ગીત " પિયુ મારો લીલો લજામણી નો છોડ" ની પ્રસ્તુતિ શ્રોતાઓ એ વધાવી હતી.

અવિનાશ વ્યાસ અને ગૌરાંગ વ્યાસની મશહુર જોડી દ્વારા રચિત ગીત " મહીડા લ્યો રે... કલ્યાણી કોઠાળકર ના સૂરીલા કંઠે પ્રસ્તુત થયું ખુબ સુંદર આ પ્રસ્તુતિમાં સંગીતની જમાવટ અને વાંસળીના સૂરો એ ચાર ચાંદ લગાવ્યા હતા. ત્યારબાદ વિનોદ જોષી લિખિત અમર ભટ્ટ દ્વારા સ્વરાંક્તિ ગીત " સખી મારો સાયબો સૂતો, ફળિએ ઢાળી ઢોલીયો સૂતો.... ગાર્ગીવોરા દ્વારા રજૂ થયું હતું " " સાથે આવી મંદિરના બોરણાં ઉઘાડ ગગન કેરે ઘાટ નોરતાની રાતની સુંદર પ્રસ્તુતિ થઈ. આ ઉપરાંત સુગમ સંગીતના સુવર્ણ ગીતો પૈકીનું " નામ તમારું લખ્યું હતું ત્યાં.. આંસુ આવ્યા આગળ ઝળઝળિયાં ની ઝાંખપ વચ્ચે લખ્યું" ત્યાંથી આગળ ની પ્રસ્તુતિ નું કાર્યક્રમને ઉંચાઇ બક્ષવામાં મહત્વનું યોગદાન રહ્યું.

કાર્યક્રમના અંતમાં અવિનાશ વ્યાસની રચના અને મૂળ ગાયકો વિભાબેન – હર્ષિદાબેન દ્વારા ગવાયેલું એવું જાણીતું અને સૌનું ખુબ માનીતું ગીત કલ્યાણી બેન અને ગાર્ગીવોરા દ્વારા રજૂ થયું. "હજુ રસભર રાત તો બાકી રહી ગઈ... નાજા નાજા બાલમા" ની પ્રસ્તુતિ ગાંધીનગર ના ગુજરાતી ગીત – સંગીતના રસિકજનો માટે ભેટ સમાન બની રહ્યું. સ્ત્રી સ્વરની સૂરીલી સરવાણીમાં જાજરમાન કલાકાર શ્રી વિભા દેસાઇ ની ઉપસ્થિતિ અને એમના કંઠે "માડી તારું કંકુ ખર્યું..." ની પ્રસ્તુતિથી શ્રોતાગણ ઝુમી ઉઠયો હતો અને સ્ટેન્ડીંગ ઓવેશન આપી આ ઘટનાને બિરદાવી હતી. શિવરંજની ને ગુજરાતી ગીત – સંગીત અને કલાકારોના સન્માન બદલ ખૂબ - ખૂબ અભિનંદન

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરતથી પધારેલ યુવા સાહિત્યકાર એશા દાદાવાલા એ સુંદર રીતે સંભાળ્યું હતું.

સ્વરોત્સવનો બીજો દિવસ એટલે સાદગી, સંસ્કારિતા સભ્યતા અને સંસ્કૃતિ નું જીવતું જાગતું સ્વરૂપ પદ્મશ્રી ભીખુદાન ગઢવીનો લોકડાયરો, ઉંમર અને અનુભવ બંન્નેથી વડીલ એવા શ્રી ભીખુદાનભાઈ જ્યારે હસતા – હસતા માર્મિક રીતે જીવન લક્ષી વાતો કરતાં હોય ત્યારે એક પણ શ્રોતા એના પ્રવાહમાં જોડાયા વિના ન રહી શકે. એમની વાતોના કેટલાક અંશ અત્રે પ્રસ્તુત છે.

" સંસ્કાર હોય ત્યાં સંપતિ આવે, સંપતિ હોય ત્યાં સંસ્કારની ગેરંટી નહી "

" કેટલું બોલે છે કરતાં કેટલું સમજાય છે એ મહત્તાવનું છે માનવીનો વ્યવહાર વાણી પર નિર્ભર છે "

" જીભના ઘા રુઝાઈ જાય, જીભથી થયેલ ઘા ન રુઝાય"

" આદર્શ વિનાનું જીવન વ્યર્થ છે, આદર્શમાં વ્યર્થ બનેલું જીવન બીજા માટે આદર્શ બની જાય છે "

" સંસાર શેરડીનાં સાંઠા જેવો છે "

" લોક ગીતો, હાલરડા, લગ્ન ગીતો, હટાણામાં તો મૂલ્યો સચવાઈને પડ્યા છે "

" આંસુડા પીવા અઘરા છે, જેના પર રામાયણ ઉભી છે "

" સંસ્કાર આવતા પેઢીઓ લાગે, જતા પણ પેઢીઓ લાગે "

લગ્નગીતો ની વિશેષતા વર્ણવતા તેઓ કહે છે લગ્ન ગીત પરથી પ્રસંગની ખબર પડે... એ ગવાવાંજ જોઈએ.

" દીકરી કેટલું લઈને આવી છે કરતાં કેટલું મૂકીને આવી છે. "

" શ્રુતિ – વિસ્મૃતિ ઈશ્વરની દેણ છે "

"શબ્દ એક શોધો તો આખી સંહિતા નીકળે, કુવો એક ખોડો તો આખી સરિતા નીકળે જુદી તાસીર છે ભારતની મહાભારત વાવો અને " ગીતા " લણો...."

" આંસુથી હૃદય ભીનું થાય અને ભીના હૃદયમાંથી જ કંઈક ઉગે"

લગ્નના ચાર ફેરાની સમજણ આપતા તેઓ કહે છે પ્રથમ ફેરો ધર્મનો જેમાં પુરુષ આગળ સ્ત્રી પાછળ, દ્વિતીય ફેરો અર્થ જેમાં પુરુષ આગળ અને સ્ત્રી પાછળ તૃતીય ફેરો કામ જેમાં પણ પુરુષ આગળ સ્ત્રી પાછળ, ચતુર્થ ફેરો મોક્ષ જેમાં સ્ત્રી આગળ, પુરુષ પાછળ સ્ત્રી ત્યાગ કરેછે – એ વૈરાગી છે – બધું છોડે છે. પારકાને પોતાના કરેછે અને પોતાનાને પારકા.

પિતા – પુત્રી નો પ્રેમ ૧૦૦% નિઃસ્વાર્થ – દીકરીને ચિંતા હોય કે મારા બાપની સાહ્યબી ને નજર ના લગે....

" ઘસાય એના ઘડા થાય, સમાજ માટે જે કરે તેને કોઈ યાદ રાખે "

આવી અનેક સમજણ ભરી વાતો જ્યારે સહજતા અને સરળતા ના આવરણ માં લપેટાઈને બોલાય ત્યારે સંતવાણી નો ભાસ થાય. આવા કલાકારો ને સંભાળવા એક લ્હાવો છે. એમની બોલીમાં આપણી સંસ્કૃતિની તાકાત ના દર્શન થાય છે. જે શુરાતન ચઢાવી શકે, મરેલા ને જીવાડી શકે અને મોક્ષ પણ અપાવી શકે છે.

આ સાથે લોકસાહિત્ય ની સુંદર જાણીતી રચનાઓની જમાવટે ડાયરાના રંગ ને વધુ ઘેરો બનાવ્યો.

એજી તારા આંગણીયા પૂછી ને કોઈ આવે...... કોયલ બેઠી આંબલીયા ની ડાળે............

બાપ – દિકરી સંબંધ નું ગીત .........

કાળજાકેળો કટકો મારો ગાંઠ થી છુટી ગયો. મારી મમતા રુવે જેમ વેલૂમાં વીરડો ખૂટી ગ્યો!!

સુંદર રજૂઆત થી વાતાવરણ માં ભાવુકતા પ્રસરી રહી. આવા અનેક લોકગીત – દુહા – છંદ થી શણગારેલી સાંજનો અંત શહીદીના ગીત

જનની ના હૈયા માં પોઢતા ..... પીધો કસુંબી નો રંગ થી થઈ. સંસ્કૃતિ ની ધરોહર એવા માનવીને સહુ મનોમન વંદી રહ્યા.



